ગાંધીનગર સમાચાર

વાયબ્રન્ટમાં ખાણી-પીણી બજાર ગ્રાહકોથી ઉભરાયું

# મહિલા કોંગ્રેસના મહાત્મા મંદિર બહાર દેખાવો

## પોલીસને ચકમો આપીને મહિલા કાર્યકરો-આગેવાનો સુરક્ષા કવચ તોડીને મહાત્મા મંદિર બહાર પહોંચી ગયા : દોડતી થયેલી પોલીસે ૧૫૦ની અટકાયત કરી







ગાંધીનગર, તા.૮

મોદી સરકારની પ્રજા વિરોધી નિતી ઉજાગર કરવા જિલ્લા કોંગ્રેસ તબક્કાવાર વિરોધ પ્રદર્શનના સફળ કાર્યક્રમો આપી રહી છે ત્યારે વાઈબ્રન્ટ સમિટના એક દિવસ પહેલા આજે કોંગ્રેસની મહિલાઓએ પોલીસને પરસેવો છુટવાડી દીધો હતો. સે-૨૨ કોંગ્રેસ કાર્યાલયમાં મીટીંગ બાદ થોડા કાર્યકરોએ પોલીસને ભ્રમિત કરવા સે-૧૭/૨૨ પર દેખાવો શરૂ કર્યા અને બીજી તરફ મહિલાઓના ટોળા પાછળના માર્ગેથી મહાત્મા મંદિર મોકલી દઈ અભેદ સુરક્ષા કવચને તોડીને મહાત્મા મંદિર બહાર દેખાવો શરૂ કરી દેતા સરકાર અને પોલીસ બંનેના નાક કપાઈ ગયા હતા. થાળી-વેલણ વગાડીને સરકારના નામના છાજીયા લેતા મહિલા કાર્યકરો આગેવાનોને પકડવા પોલીસ દોડતી થઈ ગઈ હતી અને ૧૫૦ જેટલી મહિલા આગેવાનો-કાર્યકરોને પોલીસે ડીટેઈન કરીને હેડકવાર્ટર લઈ જવામાં આવી હતી તે ઉપરાંત અન્ય આગેવાનો-કાર્યકરોની પણ અટકાયત કરવામાં આવી હતી.

જિલ્લા કોંગ્રેસ દ્વારા આજે વધુ એક આંદોલાત્મક કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો હતો. જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભીની અધ્યક્ષતામાં બપોરે સે-૨૨ ખાતે કોંગ્રેસ કાર્યાલયમાં બેઠક મળ્યા બાદ કાર્યક્રમની વ્યુહરચના બનાવી કોંગી આગેવાનો-કાર્યકરો સરપ્રાઈઝ દેખાવ કાર્યક્રમ આપવા કાર્યાલયની બહાર નીકળ્યા હતા. થોડાક કાર્યકરોએ સે-૧૭/૨૨ પાસે માર્ગ પર આવીને હલ્લાબોલના નારા લગાડી પોલીસનું તેમની તરફ ધ્યાન કેન્દ્રીત કર્યું અને બીજી તરફ મહિલા આગેવાનો-કાર્યકરોને લઈ નેતાઓ મહાત્મા મંદિરના મુખ્ય માર્ગ ગ-૪ સામેના રસ્તે પહોંચી ગયા હતા. લોખંડી પોલીસ બંદોબસ્ત હોવા છતાં પોલીસને ચકમો આપી મહાત્મા મંદિર સુધી પહોંચી ગયેલા મહિલા આગેવાનો કાર્યકરોએ સરકારના નામના છાજીયા લઈ સુત્રોચ્ચાર કરીને થાળી-વેલણ વગાડી વિરોધ પ્રદર્શન કર્યો હતો. તાબડતોબ દોડતી થયેલી પોલીસ સ્થળ પર આવી પહોંચી હતી અને ધારાસભ્ય કામીનીબા રાઠોડ, બળદેવજી ઠાકોર, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદેશ પ્રવકતા નિશિત વ્યાસ, પ્રદેશ નિરિક્ષક કૈલાસ ગઢવી, પૂર્વ ધારાસભ્ય સી.જે. ચાવડા, બાબુસિંહ ઠાકોર, કિર્તીબેન પટેલ, ગીતાબેન પટેલ, પ્રેમબા હાડા, ભાનુમતીબેન રોહીત, સોનલબા ચાવડા અને સંગીતાબા ચૌહાણ સહીતના ૧૫૦થી વધુ કોંગી આગેવાનો-કાર્યકરોની પોલીસે ટીંગાટોળી કરીને અટકાયત કરી લીધી હતી.

## વાયબ્રન્ટમાં ખાણી-પીણી બજાર ગ્રાહકોથી ઉભરાયું

ગાંધીનગર, તા.૮

શહેરમાં વાયબ્રન્ટને પગલે માનવ મહેરામણ જોવા મળી રહ્યો છે. નગરના સેકટર-૧૭ સ્થિત એકઝીબેશન હોલ ખાતે વિવિધ અનેક સ્ટોલ આવેલા છે. આ સ્ટોલ માટે અનેક કર્મચારીઓ બહારથી આવ્યા હોવાથી નગરમાં માનવ મહેરામણ ઉમટ્યો છે. ત્યારે શહેરમાં મોટાભાગની રેકડીઓ બંધ હોવાથી ઘ-પના ખાણી-પીણી બજારમાં તેજી જોવા મળી રહી છે. સવારથી મોડીરાત સુધીમાં વધુ લાવેલ માલનું પણ વેચાણ થઈ જતા વેપારીઓમાં ખુશી જોવા મળી રહી છે. જયારે ઘ-૪થી ઘ-પના વિસ્તારમાં આવેલ હોટલો પર વેઈટીંગના બોર્ડ લટકતા જોવા મળી રહ્યા છે.

શહેરમાં વાયબ્રન્ટને પગલે મેળા જેવો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે આગામી તા. ૯ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન દેશ-વિદેશથી અનેક મોંઘેરા મહેમાન નગરના આંગણે પધારશે. વાયબ્રન્ટમાં શહેરને સ્વસ્છ અને સુંદર રીતે સજાવામાં આવી રહ્યું છે. શહેરના સેકટર-૧૭ સ્થિત એકઝીબેશન હોલ માં અનેક સ્ટોલ આવેલા હોવાથી કર્મચારીઓ મોટીસંખ્યામાં આવ્યા છે. એકઝીબેશન સેન્ટર ખાતે અત્યારે હાલના સમયે છેલ્લી ઘડીની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ત્યારે શહેરના માર્ગો પર આવેલ તમામ લારી ગલ્લા હટાવી દેવામાં આવ્યા છે. જેથી કર્મચારીઓને જમવા માટે લાંબુ અંતર કાપીને ઘ-૫ ખાણી-પીણી બજાર સુધી જવુ પડે છે. જયારે વીવીઆઈપીઓના ધસારાને કારણે ઘ-૪ થી ઘ-૫ ના વિસ્તારમાં આવેલ તમામ હોટલો પર હાઉસફુલના પાટીયા લટકી રહ્યા છે. જયારે વેપારીઓ પણ ગ્રાહકોના ધસારાને કારણે ઘરેથી ડબલ માલ સામાન લઈને આવે છે પરંતુ સાંજ ઢળે ત્યાં સુધીમાં તો તમામ ચીજવસ્તુનું વેચાણ થઈ જાય છે. જયારે વાયબ્રન્ટમાં આવેલ કર્મચારીઓને રાત્રે રીતસરનું જમવા માટે દુર દુર સુધી જવું પડે છે અને જે મળે તે જમવુ પડે છે. ત્યારે ખાણીપીણી બજારના વેપારીઓને તો વાયબ્રન્ટને પગલે બખ્ખા થઈ ગયા છે.

## સે-૩માં યુવાને પંખે દુપટ્ટો બાંધી ફાંસો ખાધો

### અગમ્ય કારણોસર ૩૦ વર્ષીય યુવાને મધરાત્રે અંતિમ પગલુ ભરી લેતા ચકચાર

ગાંધીનગર, તા.૮

શહેરના સેકટર-૩ ખાતે રહેતા ૩૦ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે જ પંખે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી હતી. મધરાત્રે યુવાને ભરેલા અંતિમ પગલા અંગે પોલીસને જાણ થતા મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગરના સેકટર-૩-બી ખાતે પ્લોટ નં. ૧૩૧૩/૧માં રહેતા ૩૦ વર્ષીય યુવાન શૈલેષભાઈ ઝાલા ગઈ રાત્રે તેમના રૂમમાં સુવા ગયા હતા. બેચેન રહેતા શૈલેષભાઈએ કોઈ કારણોસર અડધી રાત્રે ઊઠીને પોતાના રૂમના પંખે દુપટ્ટો બાંધી દીધો હતો અને ગળે ફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોને શૈલેષના ગળા ફાંસા અંગે જાણ થતા પગ તળેથી જમીન સરકી ગઈ હતી. હર્ષીદાબેને સેકટર-૭ પોલીસને ઘટના અંગે જાણ થતા જમાદાર પ્રવિણસિંહ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. જો કે હજુ આપઘાતનું કારણ સ્પષ્ટ થયું ન હોવાનું પોલીસનું કહેવું છે.

## ચિલોડા ખાતે ભાજપ દ્વારા નવા ચૂંટાયેલા સરપંચોનો અભિવાદન સમારોહ યોજાયો





ચિલોડા, તા.૮

ગાંધીનગર તાલુકાના દક્ષિણ વિધાનસભા બેઠકના નવા ચૂંટાયેલા સરપંચોનો ભાજપ દ્વારા સન્માન સમારોહ ચિલોડા ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં તાલુકાના ૨૫ સરપંચોને શાલ-કેશરીઓ ખેસ, પ્રશસ્તિ પત્ર-કેલેન્ડર દ્વારા મહાનુભાવોની ઉપસ્થિતિમાં સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, આયોજન પંચના અધ્યક્ષ નરહરી અમીન, સહકારી આગેવાન કોદરભાઈ પટેલ, જિલ્લા પ્રભારી રમેશસિંહ સોલંકી, મહામંત્રી આઈ.બી. વાઘેલા, જિલ્લા પ્રમુખ નૈલેષ શાહ, તાલુકા પ્રમુખ કાળુસિંહ રાઠોડ, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલ, એસ.પી. ઠાકોર, રમેશભાઈ પટેલ, નાથુભાઈ ચૌધરી, ભાલભાઈ ચૌધરી, ઘનશ્યામભાઈ પટેલ, લલિતભાઈ યાદવ વગેરે મહાનુભાવોએ સરપંચોનું શાલ ઓઢાડી-ખેસ પહેરાવી સન્માન કર્યું હતું. આ સાથે ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે ગામડાના વિકાસમાં સરપંચો કડી રૂપ અને મહત્વનું સ્થાન ધરાવે છે. આ સમારોહમાં ગામ વિકાસમાં વિશેષ જવાબદારી ઉપાડી વિશ્વાસપૂર્ણ પરસ્પર સાથ સહકારથી ભેદભાવો ભૂલી સૌનો સાથ સૌના વિકાસના મંત્રને ચરિતાર્થ કરવા આહ્વાન કર્યું હતું. સરકારી યોજનાઓ ગ્રાન્ટોનો વિશેષ લાભ જન જન સુધી પહોંચે તે માટે પ્રયત્નશીલ રહેવા અપીલ કરી હતી. આ સમારોહમાં છાલા, સાદરા, દશેલા, ચિલોડા, વાવોલ, જાખોરા, ડભોડા, લવારપુર, અડાલજ, શિહોલી મોટી, ગિયોડ, મહુન્દ્રા, ઝુંડાલ, નવા ધરમપુર, પીંપળજ, તારાપુર, ટીંટોડા, દોલારાણા વાસણા વગેરે ભાજપ સમર્પિત સરપંચો, ટેકેદારો, સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. છાલાના મહિલા સરપંચ ચંચળબેન પટેલે પોતાના સુંદર પ્રતિભાવો વ્યકત કર્યા હતા. આ સમારોહમાં ચિલોડાના સામાજિક કાર્યકર જયંતિભાઈ જી. પટેલે ૨૫૦ કાર્યકરો સાથે ભાજપમાં જોડાતા કેશરિયો ખેસ ધારણ કર્યો હતો. આ સમારોહમાં નવા ૨૫ સરપંચોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરાયું હતું. આ સમગ્ર સમારોહનું સફળ સંચાલન લલિતસિંહ યાદવે સંભાળ્યું હતું.

### વાતવાતમાં

● વાઈબ્રન્ટ સમિટના ભાગરૂપે યોજાનાર ગ્લોબલ ટ્રેડ શો માટે ખાસ ૬ થી ૭ પોર્ટેબલ મોબાઈલ નેટવર્ક ટાવર્સ ઉભા કરવામાં આવ્યા છે. ટ્રેડ શો દરમિયાન આવનાર મુલાકાતીઓના ધસારાને ધ્યાનમાં રાખીને સ્થાયી મોબાઈલ નેટવર્ક ટાવર્સની કેપેસીટી ઓછી પડવાની સંભાવનાના પગલે આ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

● વાઈબ્રન્ટ સમિટના પગલે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં સ્પેશિયલ રૂમોને રીઝર્વ રાખવામાં આવી છે. હાલ સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવા આવી રહેલા દર્દીઓને ચેપી રોગ અથવા અન્ય ગંભીર બિમારી હોય અને માંગવા છતા તેમને સ્પેશિયલ રૂમ આપવાની ના પાડી ધરાર જનરલ વોર્ડમાં જ દાખલ કરવામાં આવે છે.

# રૂપાણીની પ્રથમ વાયબ્રન્સીમાં મોદી મહેમાન

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતની આઠમી વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ ટેઈક ઓફ થઈ રહી છે. આ સમિટ ૧૦ થી ૧૩ જાન્યુઆરી સુધી મહાત્મા મંદિરમાં યોજવામાં આવી રહી છે ત્યારે અગાઉના યજમાન નરેન્દ્ર મોદી બીજી વાયબ્રન્ટ સમિટમાં મહેમાન બનીને આવે છે. કોના એમઓયુ કોની સાથે થશે તેની ચર્ચાએ સચિવાલય છે. વિશ્વની નજરમાં ફરી એકવાર ગુજરાત વૈશ્વિક ફલક પર આવ્યું છે. અમેરિકાની કંપનીઓને આમંત્રણ આપવામાં આવ્યા છે પરંતુ નવા પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની નિતી પ્રમાણે કેટલી અમેરિકન કંપનીઓ ભારતમાં મૂડીરોકાણ કરવા ઉત્સુક બને છે તે એક સવાલ છે. ૧૨ કન્ટ્રી પાર્ટનર ગુજરાતની સમિટમાં મોજૂદ છે. ૧૨૫

## ડ્રેસકોડમાં ડ્યુટી પર રહેલી પોલીસને ઓળખવી મુશ્કેલ બની શકે છે

દેશોના પ્રતિનિધિઓને આમંત્રણ આપવામાં આવેલા છે. ૨૦૦૭માં મહેમાન બનેલા પાકિસ્તાનના ઉદ્યોગપતિઓને આ વખતે વણસેલા રાજદ્વારી સબંધોને કારણે બોલાવવામાં આવ્યા નથી. ગુજરાત જ નહીં ભારતના અન્ય રાજ્યોમાં પણ ઈન્વેસ્ટમેન્ટ માટેનું આ સમિટ એક પ્લેટફોર્મ બની રહેવાનું છે. રૂપાણીની આ પ્રથમ વાયબ્રન્સી છે, જે મોદી માટે ૨૦૧૯નો રોડ મેપ બનાવશે.

**● ગુજરાતની કોર્પોરેટ પોલીસને ઓળખજો...**

પોલીસ સ્ટેશનમાં ફરિયાદી સાથે ગુનેગાર જેવું વર્તન કરતા પોલીસ કર્મચારીઓ વાયબ્રન્ટ સમિટમાં કોર્પોરેટ લૂક ધારણ કરનાર છે. આ પોલીસને ઓળખવી મુશ્કેલ છે. મહાત્મા મંદિર અને ગાંધીનગરની સુરક્ષા જેમને સોંપવામાં આવેલી છે તે સુરક્ષા જવાનો ડ્રેસકોડમાં સજ્જ હશે. મહિલા કર્મચારીઓ મરૂન કલરના શૂટમાં હશે. એન્ટ્રી પોઈન્ટ પર મજેન્ટા કલરની સફારીમાં પોલીસ ઉભી હશે. આઈપીએસ અધિકારીઓને બ્લેક અને બ્લ્યુ કલરના શૂટ આપવામાં આવ્યા છે. ડીવાયએસપીને બ્લ્યુ કલરનો શૂટ છે. પીઆઈને મજેન્ટા અને પીએસઆઈને ગ્રે કલરના શૂટ આપવામાં આવ્યા છે. કાશ, આવો કોર્પોરેટ લૂક પોલીસ અન્ય દિવસોમાં પણ ફરજ પર પહેરે તો ગુજરાતની સલામતી વ્યવસ્થા વધારે મજબૂત બની શકે છે, કારણ કે મરીન કમાન્ડોને જોઈને ત્રાસવાદીઓ ફફડે છે તેમ પોલીસને આ લૂકમાં જોઈને ગુનેગારો ફફડી ઉઠે...

## વાયબ્રન્ટ સમિટમાં પાકિસ્તાન દૂર, યુએસ સાથેના સબંધો ખબર પડશે, ૨૦૧૯ માટે રોડમેપ બનશે

**● હાશ, ૧૦ મહિના મતદારો પાસે રહી શકાશે...**

ગુજરાતમાં વિધાનસભાની વહેલી ચૂંટણીનો છેદ ઉડી ગયો છે. રાજ્યના મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ કહ્યું છે કે ૨૦૧૭માં સમયસર વિધાનસભાની ચૂંટણી આવશે, એટલે કે ચૂંટણી તેના નિયત સમય ડિસેમ્બરમાં થશે. ભાજપના ધારાસભ્યોને હાશ થઈ છે કેમ કે તેમની પાસે ૧૦ મહિનાનો સમય છે કે જેમાં તેઓ તેમના મત વિસ્તારમાં મતદારોને આકર્ષી શકે છે. વહેલી ચૂંટણી થઈ હોત તો ભાજપના ૨૦ ટકા ધારાસભ્યોને વિસ્તાર પૂરતી મુશ્કેલી હતી, કેમ કે તેમણે સંપર્કો ગુમાવી દીધા છે. સંપર્કો તાજા કરશે એટલે મતદારોને અંકે કરી લેવાશે તેવી માન્યતા તેઓ ધરાવે છે. પાર્ટીના સૂત્રો કહે છે કે હાઈકમાન્ડ આ વખતે ૪૦ ટકા ધારાસભ્યોને રિપીટ કરવાના મૂડમાં નથી. જેઓ રિપીટ થવાના નથી તેવા ત્રણ કે તેથી વધારે ટર્મ ધરાવતા ધારાસભ્યોએ ટીકીટ બચાવવા માટે અત્યારથી લોબિંગ શરૂ કરી દીધું છે.

## યોગાનુયોગ- લિડરની મજાક શરૂ થાય ત્યારે સત્તાને જોખમ આવ્યું છે

**● ભાઇ, સચિવાલયમાં કામ કેમ ન થાય?...**

ચૂંટણી આવી રહી છે ત્યારે હાઈમાન્ડે ગુજરાતના મુખ્યપ્રધાનને કહ્યું છે કે આપણા કાર્યકર્તાઓ તેમજ વિવિધ સમાજના પેન્ડીંગ કામોને પ્રાધાન્ય આપીને ઝડપથી પૂર્ણ કરો... સચિવાલયમાં ફરી એકવાર મુલાકાતીઓનો પ્રવાહ વધી ચૂક્યો છે. સોમ થી શુક્ર સુધી મુલાકાતીઓથી ધમધમતા સચિવાલયમાં ચૂંટણીનો માહોલ દેખાઈ રહ્યો છે. મુખ્યપ્રધાન તેમની સીએમઓ પાસે આવેલી તમામ ફાઈલોનો નિકાલ કરવામાં વ્યસ્ત બન્યા છે. સરકારના કેબિનેટ પ્રધાનો પણ વિવિધ સમાજ તરફથી આવેલી રજૂઆતોને ધ્યાને લઈને કામ નિપટાવી રહ્યાં છે. હજી તો વિધાનસભાના બજેટ સત્રમાં પણ મુલાકાતીઓનો પ્રવાહ વધી શકે છે, કારણ કે એપ્રિલમાં પૂર્ણ થનારા બજેટ સત્ર પછી પાર્ટી અને સરકાર બન્ને ઈલેક્શન મોડમાં આવી શકે છે. સચિવાલયની ચેમ્બરમાં નહીં મળલા પ્રધાનો વિધાનસભાની ચેમ્બરમાં અવશ્ય મળે છે, કેમ કે તેમને વિધાનસભામાં હાજરી આપવાની હોય છે.

**● એમઓયુ સાઇન કર્યા પછી ખબર લ્યો...**

ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગ સાથે સંકળાયેલી સરકારી કચેરીઓ જેવી કે ઉદ્યોગ કમિશનરેટ, ઈન્ડેક્ષ્ટ-બી, પ્રવાસન નિગમ અને જીઆઈડીસીના ઓફિસરોને સ્પષ્ટ સૂચના છે કે વાયબ્રન્ટ સમિટમાં જે એમઓયુ થાય તેની શરૂઆત થી અંત સુધીની તકેદારી જે તે ઓફિસરે રાખવાની રહેશે. જે ઉદ્યોગ જૂથે મૂડી રોકાણ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે તેઓ ક્યારે, કેટલા રોકાણ સાથે કેટલા સમયમાં તેના પ્રોજેક્ટ્સનું ઈમ્પ્લિમેન્ટેશન કરે છે તે જોવાની તાકીદ પણ મુખ્યપ્રધાન અને ચીફ સેક્રેટરી કક્ષાએથી કરવામાં આવી છે. સામાન્ય રીતે એવું જોવામાં આવ્યું છે કે વાયબ્રન્ટ સમિટમાં મૂડીરોકાણના વાયદા કર્યા પછી કેટલીક કંપનીઓ ગાયબ થઈ જતી હોય છે. બીજી તરફ સરકારના ઉદ્યોગ વિભાગ તરફથી પ્રોપર ફોલોઅપ થતું નથી તેથી તેને સરકાર બેડ પ્રેક્ટિસ માને છે. આવું ન થાય તે માટે સરકાર પ્રથમવાર વાયબ્રન્ટ સમિટના તમામ ઉદ્યોગકારોને સીધી સુવિધા અને માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા માગે છે.

## નહીં પ્રચાર, નહીં રિક્વેસ્ટ- ભાજપને ગેરંટેડ મતનો બેસ્ટ આઈડિયા

**● મે પછી પીએમની નજર ગુજરાત તરફ...**

દેશના પાંચ રાજ્યોની ચૂંટણી પછી મે મહિનામાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમનું સંપૂર્ણ ધ્યાન ગુજરાત ઉપર કેન્દ્રિત કરશે, કારણ કે ભાજપ ઉત્તરપ્રદેશ ગુમાવે તો વાંધો નથી, ગુજરાત હાથમાંથી સરકી જવું ન જોઈએ. મોદી અને રાષ્ટ્રીય ભાજપ હાલ ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોની ચૂંટણીમાં વ્યસ્ત છે. આ ચૂંટણી પૂર્ણ થયા પછી વર્ષાન્તે ગુજરાતની ચૂંટણી આવે છે ત્યારે એવો માહોલ ખડો થઈ શકે છે કે આ ચૂંટણી ગુજરાત નહીં, ભાજપનું હાઈમાન્ડ લડી રહ્યું છે. કેન્દ્રની સંપૂર્ણ નજરમાં એકમાત્ર ગુજરાત હશે...